Extra No. 359

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] TUESDAY, OCTOBER 7, 2025 / ASVINA 15, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./જાહેરનામુ/૧૬૨૫/૨૦૨૫, તા. ૦૩.૧૦.૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૩૩(૧) નો ખંડ (ખ)

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)ના ખંડ (ખ) અન્વયે

નં.ડીસી./પીઓએલ/જાહેરનામું/વશી/૮૩૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના સંદર્ભ (૧) ના પત્રથી શામળાજી ખાતે જગત પ્રસિધ્ધ વિષ્ણુ ભગવાનનું પૌરાણિક મંદિર આવેલ છે. જે મંદિર ગુજરાત તેમજ રાજસ્થાનના લોકોની આસ્થાનું કેન્દ્ર છે. તેમજ અલગ-અલગ રાજ્યના લોકો આ મંદીર નેશનલ નં.૪૮ ની નજીક આવેલ હોઈ દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી ખાતે આવેલ શામળિયા ભગવાન (વિષ્ણુ ભગવાનજી) ના મંદિરમાં દર પૂનમ નિમિત્તે તથા મેળાના દિવસે ભારે સંખ્યામાં દર્શનાર્થી દર્શન અર્થે આવતાં હોઈ તે દિવસ દરમિયાન શામળાજી સી.એચ.સી ડીપ સુધીના વિસ્તારમાં નાના-મોટા ફેરિયાઓ તેમજ દર્શનાર્થીઓ ચાલતા આવતાં જતાં હોવાના કારણે ખુબજ વધુ પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે તે સિવાયના નાના વાહન ચાલકો પોતાના વાહન ડુંગરની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરતા હોય છે તેમજ ડુંગર પાસે આવેલ પાર્કિંગની જગ્યા ઓછી હોઈ વાહન ચાલકો પોતાના વાહન રોડની સાઈડમાં પાર્ક કરી જતાં રહેતાં હોય છે. જેથી મોટા વાહનો આ સર્વિસ રોડ ઉપર આવન જાવન કરે તે વખતે ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી દર્શનાર્થીઓને આ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે તેમજ ક્યારેક સુરક્ષાની રીતે મહત્વના પદાધિકારીશ્રીઓ પણ કોન્વોય સાથે મંદિરના દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી તમામ બસોને કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી હોય તેઓને શામળાજી સી.એચ.સી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી તરફ આવવા સારૂ તેમજ શામળાજી એચ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી આવવા તેમજ રતનપુર તરફથી આવતી બસો કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર હોય તેઓને સી.એચ.સી. તરફ ન જવાની સમજ કરી તેઓને એચ.જી.વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થઈ બસ લઈ જવા સારૂ. તા. ૦૭.૧૦.૨૦૨૫ ના ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી દિન -૧ (એક)નું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપેલ છે.

વાસ્તે, હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, મોડાસા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)ના ખંડ (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૦૭.૧૦.૨૦૨૫ ના ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી દિન-૧ (એક)નું શામળાજી બસ

સ્ટેન્ડમાં આવતી બસો માટે નીચે મુજબ ડાઈવર્ઝન આપવા ફરમાવું છું.

હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી બસો માટે

(૧) શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી એસ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી તરફ આવવા

રતનપુર તરફથી આવતી બસો માટે.

(૧) હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર બસો સી.એચ.સી. તરફ ન જતા એચ.જી. વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) તરફ જવા સારૂ

વધુમાં, ટ્રાફિક નિયમન થાય તે માટે વોકી ટોકી સેટ સાથે ટ્રાફિકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફિક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ સંબંધિત ગ્રામ પંચાયતોનો સહકાર મેળવી ટ્રાફીક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૬-૧૦-૨૦૨૫ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી, મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:52:09 IST